ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૧૦ | ૧ નવેમ્બર ૨૦૧૫ | પાના-૮ | લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - 'આત્મજ્ઞાન'

જ્યાં કષાય પાતળા પડ્યા છે, માત્ર એક મોક્ષપદ સિવાય બીજા કોઈ પદની અભિલાષા નથી, સંસાર પર જેને વૈરાગ્ય વર્તે છે, અને પ્રાણીમાત્ર પર જેને દયા છે, એવા જીવને વિષે આત્માર્થનો નિવાસ થાય.

જ્યાં સુધી એવી જોગ દશા જીવ પામે નહીં, ત્યાં સુધી તેને મોક્ષ માર્ગની પ્રાપ્તિ ન થાય, અને આત્મભ્રાંતિરૂપ અનંત દુ:ખનો હેતુ એવો અંતર રોગ ન મટે. એવી દશા જ્યાં આવે ત્યાં સદ્ગુરુનો બોધ શોભે અર્થાત પરિણામ પામે, અને તે બોધના પરિણામથી સુખદાયક એવી સુવિચાર દશા પ્રગટે. જ્યાં સુવિચાર દશા પ્રગટે ત્યાં આત્મજ્ઞાન ઉત્પન્ન થાય, અને તે જ્ઞાનથી મોહનો ક્ષય કરી નિર્વાણપદને પામે.

જેને આત્મજ્ઞાન નથી તેનાથી કલ્યાણ થાય નહીં. વ્યવહાર જેનો પરમાર્થ છે તેવા આત્મજ્ઞાનીની આજ્ઞાએ વર્ત્યે આત્મા લક્ષગત થાય, કલ્યાણ થાય.

ઘણું કરીને સત્પુરુષના વચને આધ્યાત્મિક શાસ્ત્ર પણ આત્મજ્ઞાનનો હેતુ થાય છે, કેમકે પરમાર્થઆત્મા શાસ્ત્રમાં વર્તતો નથી, સત્પુરુષમાં વર્તે છે.

જ્યાં સુધી સર્વ પ્રકારના વિષમ સ્થાનકોમાં સમવૃત્તિ ન થાય ત્યાં સુધી યથાર્થ આત્મજ્ઞાન કહ્યું જતું નથી, અને જ્યાં સુધી તેમ હોય ત્યાં સુધી તો નિજ અભ્યાસની રક્ષા કરવી ઘટે છે.

ચોથે ગુણસ્થાનકેથી જ આત્મજ્ઞાનનો સંભવ થાય છે.

આત્મજ્ઞાન અથવા મોક્ષમાર્ગ કોઈના શાપથી અપ્રાપ્ત થતો નથી, કે કોઈના આશીર્વાદથી પ્રાપ્ત થતો નથી. પુરુષાર્થ પ્રમાણે થાય છે, માટે પુરુષાર્થની જરૂર છે.

આત્મજ્ઞાન વિચારથી થાય છે. કર વિચાર તો પામ.

સર્વ ક્લેશથી અને સર્વ દુ:ખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચાર બળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત માત્ર સંશય નથી. ગૃહસ્થાદિ વ્યવહાર વર્તે ત્યાં સુધી આત્મજ્ઞાન ન થાય, કે આત્મજ્ઞાન હોય તેને ગૃહસ્થાદિ વ્યવહાર ન હોય એવો નિયમ નથી.

જેટલી સંસારને વિષે સાર પરિણતિ મનાય તેટલી આત્મજ્ઞાનની ન્યૂનતા શ્રીતીર્થંકરે કહી છે. - **શ્રીમદ્ રાજચંદ્રજી.**

**આત્મજ્ઞાન સમદર્શિતા વિચરે ઉદય પ્રયોગ**
**અપૂર્વવાણી પરમશ્રુત સદગુરુ લક્ષણ યોગ્ય**

## સ્વામી વિવેકાનંદ વચનામૃત (ભાગ ૧૦માંથી)

જે ઘડીએ તમે એક સંપ્રદાય સ્થાપો, તે જ ક્ષણે તમે વિશ્વબંધુત્વનો વિરોધ જાહેર કરો છો. અંતરમાં વિશ્વબંધુત્વની સાચી લાગણી હોય છે તેઓ પોતે બહુ બોલતા નથી. તેમના કાર્યો જ જોરશોરથી બોલી ઊઠે છે.

સત્યને હજારો રીતે રજુ કરી શકાય છતાં દરેક દરેક રીત સાચી હોઈ શકે. ધર્મ સંપ્રદાયમાં જે દિવસથી પૈસા પાત્રોને પૂજવાનું શરૂ થાય તે દિવસથી તે સંપ્રદાયનું પતન પણ શરૂ થાય છે.

જે આત્માઓ ગુરૂ થવાને જન્મ્યા છે તેમના સિવાય બધાયની જીવન નૌકા ગુરૂના ધંધારૂપી ખડક પર અથડાઈને નાશ પામે છે.

માથે દુ:ખનો મુગટ પહેરીને સુખ મનુષ્યની પાસે આવે છે. જે સુખનું સ્વાગત કરે તેણે દુ:ખનું પણ સ્વાગત કરવું પડે.

મિથ્યાભિમાન, દુર્બળતા, વગેરે બાબતોમાં તમારા આત્માને કહેતા રહો ''આ તને શોભતું નથી, આ તને છાજતું નથી.''

ગુરૂકૃપા હોય તો પુસ્તક વાંચ્યા વિના પણ શિષ્ય પંડિત થઈ જાય છે. જો તમારે કોઈ અનિષ્ટ કાર્ય કરવું હોય તો તે તમારા વડિલોની નજર સામે જ કરો.

કૃપાનો પવન તો ફૂંકાઈ જ રહ્યો છે, ફક્ત તમારે તમારા સઢો જ ઊંચે ચડાવવાના છે.

બેટા! અનુભૂતિ કોઈના ઉપર ઠોકી બેસાડી શકાય ખરી? ગુરૂ તો એટલું જ સમજાવે કે તમારું ભાવિ તમારા પોતાના હાથમાં છે. બીજની પોતાની શક્તિથી વૃક્ષ ઊગે છે. હવા અને પાણી તેને કેવળ સહાય કરે છે.

ધર્મના બધા અનુષ્ઠાનો બહારનાં પડ છે. એક રીતે તે સાચી આધ્યાત્મિકતા અને આત્મજ્ઞાનને છુપાવી રાખે છે.

જે માણસમાં ગુરૂ પ્રત્યે સાચી ભક્તિ હોય છે તેના હૃદયમાં બધા સત્યો આપોઆપ પ્રગટ થાય છે. તેને અભ્યાસની ભાગ્યે જ જરૂર રહે છે. પરંતુ આવી ભક્તિ અને શ્રદ્ધા, આ જગતમાં ખૂબ દુર્લભ છે.

આ જીવતાં જીવોની સેવા કરતાં બીજો મોટો ધર્મ કોઈ નથી. જો આ ધર્મનું આચરણ સાચા ભાવથી કરવામાં આવે તો ''મુક્તિ હાથ માંહેના ફળની જેમ કાબુમાં આવી જાય છે.''

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ**
**કરો...શ્રીમદ્ રાજચંદ્ર**

## તંત્રી સ્થાનેથી - સત્પાત્રે દાનનો યોગ

આપણા અનેક સંતો-શાસ્રો-અનુભવી પુરુષોએ કહેલ છે કે સત્પાત્રે દાન એ જ મહાનદાન મુખ્ય દાન છે. એવા સત્પાત્ર વ્યક્તિને ગોતવા પડે એ સામેથી ન મળે. એવા એક સત્પાત્ર વ્યક્તિની સમાજને આજે ઓળખાણ કરાવવી છે.

આમ તો દસેક વરસથી અમારી મૈત્રી-ઓળખાણ છે. હમણા ૨૪.૧૦.૧૫ના એમના આશ્રમે એક દિવસ પરિવાર સાથે રહેવાનું થયેલ. એ મરમી કવી સ્વ. મકરંદ દવેના શિષ્ય છે. એમણે જે એમના વિષે લખેલું કાવ્ય ''મરમ જાણે મકરંદા'' પાના નં.૩ પર મુકેલ છે.

મકરંદભાઈના મનમાં એક સ્વપ્ન હતું. ભજન વિદ્યાપીઠ ઊભી કરવાનું. ''મરમ જાણે મકરંદા'' પુસ્તકમાં મકરંદભાઈએ ભજન-સંતવાણી સંશોધન અંગે પોતાના મનોરથ પ્રગટ કરેલ. કચ્છ-સૌરાષ્ટ્રના ગામડાઓમાંથી કથા-દંતકથાઓ, ગીતો-લોકગીતો, સંત સાહિત્ય-લોકસાહિત્ય-ભજનો વિગેરે મકરંદભાઈની પ્રેરણાથી આ શાણા સંશોધક, કર્મનિષ્ઠ કલાકાર અજાચક અભ્યાસુએ લેખો, પુસ્તકો, કાર્યક્રમ ઉપરાંત ગામડે ગામડે કંઠોપકંઠ સરકતી સાહિત્ય સરિતાને કેસેટમાં કંડારી લીધી અને પાંચ પચીસ નહિ પૂરા સાતસો કલાકનું રેકોર્ડીંગ કરીને લુપ્ત થતા વારસાને જાળવી રાખવાના નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા છે. જેમાંથી ધીરે-ધીરે એ સામગ્રી કોઈપણ જિજ્ઞાસુ એને વિનામૂલ્યે જોઈ સાંભળી શકે એ રીતે એમની www.ramsagar.org ની વેબસાઈટ પર મુકાતી જાય છે. એક યુનિવરસીટી કે અકાદમી જેવી સરકારી સંસ્થા જ કરી શકે એવું ભગીરથ કાર્ય એકલે પંડે ડો. નિરંજન રાજયગુરુએ કરેલ છે. યુનિવરસીટીની સરકારી પેન્શન મળે એવી નોકરી છોડીને ભેટબાંધીને મકરંદભાઈની પ્રેરણાથી એ અત્યંત નિષ્ઠાપૂર્વક આ કાર્યને સમર્પિત થઈ ગયા છે. અનેક પુસ્તકો એમણે લખેલ છે. અનેક માસિકો-સામાયિકો-છાપાઓમાં એના અવારનવાર લેખો પ્રગટ થતા રહે છે. હમણા મુંબઈ સમાચારમાં એમની ''અલખના ઓટલેથી'' કોલમ શરૂ થયેલ છે.

અહિ સાહિત્ય સંશોધન સાથે પશુ-પક્ષી-માનવસેવા પણ થાય છે. પુરો પરિવાર તેમના ધર્મપત્ની, બંને પુત્રો-એક પૂત્રવધુ આ સેવા યજ્ઞમાં જોડાયેલ છે. પૂરો પરિવાર શિક્ષિત છે. બે ગીરગાયોથી શરૂ કરેલ ગૌશાળામાં આજે ૩૦ ગીરગાયોનો પરિવાર થઈ ગયો છે.

રોડના કિનારે હોવા છતાં આશ્રમને કોઈ દરવાજો નથી. ખેતી-ગૌશાળા હોવા છતા માખી-મચ્છરનું નામો નિશાન નથી. આ છે નિર્ભયતાની અને સાત્વિકતાની નિશાની. એકાદ એકરમાં ગૌશાળા છે. બાજુમાં ચારેક એકર જમીન સરકારે આપેલ છે. પણ એ પથરાળ જમીન-નદીને કાંઠે જ છે. થોડો લીલો ચારો ઉગવાની શરૂઆત થયેલ. પણ વરસાદના પૂરે પૂરી માટી ધોવાઈ ગઈ છે અને તેથી ગાયોને હવે માત્ર સૂકો ચારો જ ખરીદીને નિભાવ કરાય છે. છતાં ગાયો અત્યંત તંદુરસ્ત પ્રસન્ન છે. જો લીલો ચારો અને સારુ ખાણદાણ મળે તો તો એ હાથી જેવી ગાયો થઈ જાય તેમ છે.

અહિં ગૌશાળા આવક માટે નથી. એ તો સેવાનું સાધન છે. ગરીબ ગર્ભિણી બહેનોને માત્ર રૂા.૨૦/- લીટરના ભાવે દુધ આપવામાં આવે છે. છાશ નિ:શુલ્ક ગામવાળા લઈ જાય છે. પક્ષીઓને રોજ ચણ નાખવામાં આવે છે. ગર્ભિણી બહેનોને એક કિલો શુધ્ધ ગીર ગાયનું વલોણાનું ઘી આપવામાં આવે છે.

આકાશી રોજીથી આ સેવાયજ્ઞ ચાલી રહ્યો છે.

નિરંજનભાઈ અવારનવાર મુંબઈ તેમજ અન્ય ઠેકાણે કાર્યક્રમો કરે છે. એમને સાંભળવાએ લ્હાવો છે. પણ એ છતાં ક્યારેય કોઈ કાર્યક્રમમાં નથી કંઈ ગૌશાળાની અપીલ કરતા કે નથી સંયોજકોને એનો ઈશારો પણ કરતા આટલી બધી અજાચક વૃતિથી આ સાધના ચાલી રહી છે અને ઉપરવાળો ચલાવી રહ્યો છે. સંતોષ અને પ્રસન્નતાથી આ યજ્ઞ ચાલી રહ્યો છે એ એની વિશેષતા છે.

આજે આવી વ્યક્તિઓ ક્યાં છે જે સંસ્કૃતિનો વારસો જાળવી રાખવાનું કાર્ય કરે છે. આ એમનું મુખ્ય કાર્ય છે. સાધના છે. આવી વ્યક્તિઓની સંભાળ લેવી એ સજ્જનોની-દાતાઓની-મકરંદ પરિવારની અગત્યની ફરજ બની રહે છે. એ પોતે તો ક્યાંય દાન માટે અપીલ કરતા નથી, નથી કોઈ સરકારી સહાય લેતા, એવો સમય પણ એમની પાસે નથી.

### આશ્રમની તાત્કાલિક જરૂરિયાત આ છે.

૧. થ્રી ફેસ કનેક્શન મળી ગયું છે. બોરીંગ થઈ ગયું છે, બોરીંગ માટે સબમરશીબલ પંપની જરૂર છે.
૨. ગૌશાળા શેડ અડધો થયો છે, છાપરું દિવાલો બાકી છે.
૩. હજારો પુસ્તકો માટે કબાટો જોઈએ છે.
૪. જમીન સમથળ કરી માટી નાંખીએ તો રોજ લીલો ચારો ઉગી શકે તેમ છે.

અહી ગોસેવા સાથે ગોસંવર્ધનનું કાર્ય ચાલી રહ્યું છે.

આપ રૂબરૂ મુલાકાત લઈ આ અનુભવ કરી શકો છો. રાતે બાર વાગે પણ એમને ત્યાં આવકાર મળે છે. આવા સત્પાત્રી વ્યક્તિને મદદ કરવાનો યોગ મળે છે એ માટે પરમાત્માનો આભાર માનજો. આ મહાપુણ્યનો લાભ ચુકવા જેવો નથી.

**સંપર્ક : ડો. નિરંજન રાજ્યગુરુ,**
શ્રી આનંદ આશ્રમ, તા.ગોંડલ-(થી ૭ કિ.મી.) પો.ઘોઘાવદર
જિ. રાજકોટ - ૩૬૦૩૧૧. મો.નં.૯૮૨૪૩૭૧૯૦૪
દાન આપ એમના ખાતામાં સીધુ જમા કરી શકો છો. સંસ્થાને ૮૦ જી સર્ટીફીકેટ મળેલ છે.

**દેના બેંક - ઘોઘાવદર બ્રાંચ, ખાતા નંબર ૧૩૭૩૧૦૦૩૧૦૨૯**

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી - વિવેકાનંદ વાણી - | ૧ |
| તંત્રી સ્થાનેથી - સત્પાત્રે દાનનો યોગ | ૨ |
| નોટામાંથી એમને બહાર કાઢીયે - સૌરભ શાહ | ૩ |
| મરમ જાણે મકરંદા- કાવ્ય - મકરંદ દવે | ૩ |
| તમે કંઈ ગાયનું દુધ પીઓ છો - મેનકા ગાંધી | ૪ |
| મેઈડ ઈન ઈન્ડીયા - આપણે બોધ લઈશું ખરા ? | |
| અઝીઝ પ્રેમજીના વિચારો - | ૫ |
| પેસ્ટિસાઈઝડનો શ્રેષ્ઠ વિકલ્પ - દેશી ગાયના સંવર્ધન માટે ૫૦૦ કરોડ - | ૬ |
| ગોવંશ હત્યા પ્રતિબંધ લાભકારી - લવાજમ અને સૌજન્ય | |
| પ્રભાતના પુષ્પો - કોસ કાણો છે. | ૭ |
| પ્રત્યેક માણસ માટે નિષ્ઠાનો ભાવ - વીનેશ અંતાણી | ૮ |

# ચલણી નોટોની તસવીરમાંથી એમને બહાર કાઢીએ

૧૩ જાન્યુઆરી, ૧૯૪૮ ના રોજ સવારે સાડાદસ વાગ્યે ગાંધીજીએ રોજિંદું ભોજન લીધું: બે રોટલી, સોળ ઔંસ બકરીનું દૂધ, થોડી દ્રાક્ષ. જિંદગીના છેલ્લા ઉપવાસ શરૂ કરતાં પહેલાંનું એ છેલ્લું ખાણું હતું.

ગાંધીજીના એ ઉપવાસના બે હેતુ હતા. એક, દિલ્હીમાં ફાટી નીકળેલાં કોમી રમખાણો દરમિયાન દુભાયેલી બંને કોમની લાગણીઓ સાચા માર્ગે વાળવી. બે, પાર્ટિશન કાઉન્સિલે આપેલા ચુકાદા મુજબની રૂપિયા પંચાવન કરોડની રકમ પાકિસ્તાનને આપવી જ જોઈએ એવું દબાણ નેહરુ તથા સરદાર પર લાવવું. ગાંધીજીના અત્યાર સુધીના ઉપવાસોએ વત્તે ઓછે અંશે ધાર્યું નિશાન પાર પાડ્યું હતું, પણ આ વખતે લોકોનો મિજાજ જુદો હતો. એમના નિવાસસ્થાન પાસે એકઠા થયેલા વિરોધીઓ 'ગાંધી કો મરને દો' જેવાં સૂત્રો પણ પોકારતા હતા.

ઉપવાસ કરીને ગાંધીજીએ પોતાને કષ્ટ આપવું પડ્યું તે ખોટું થયું, પણ લગભગ સાત દાયકા પછીય રહી રહીને આ સવાલ થાય છે: પાકિસ્તાનને ૫૫ કરોડ રૂપિયા આપવાનું કમિટમેન્ટ પાળવાની ગાંધીજીની જીદ વાજબી હતી? અને એ પણ પાકિસ્તાને આપણા પર કોઈ જાતની ઉશ્કેરણી વિના સામેથી યુદ્ધ જાહેર કર્યું હોય ત્યારે?

ગુજરાતી સાહિત્ય પરિષદના એક અધિવેશનમાં ઉમાશંકર જોષીનું એક સર્જક તરીકે પુનર્મૂલ્યાંકન થયું હતું. એક અન્ય અધિવેશનમાં મનુભાઈ પંચોલી 'દર્શક'નું પણ થયું, પરંતુ આવા પુનર્મૂલ્યાંકનો મોટે ભાગે તો નવેસરથી એમની આરતી ઉતારવાનો વ્યાયામ જ પુરવાર થતો હોય છે.

ગાંધીજીને રૂપિયાની ચલણી નોટોમાં છપાતી એમની તસવીરમાંથી બહાર કાઢ્યા પછી એમનું રિ-એસેસમેન્ટ થવું જોઈએ.

ગાંધીવિચારોનું પુનર્મૂલ્યાંકન નહીં થાય તો સૌથી મોટો ડર એ છે કે હવે પછીની પેઢીઓ ગાંધીજીના કેટલાક, હવે આઉટડેટેડ થઈ ગયેલા વિચારોને કારણે ગાંધીજીનો સંપૂર્ણપણે અસ્વીકાર કરશે. આવું થશે તો સ્વાભાવિક છે કે નુકસાન આ નવી જનરેશનને જ છે. ગાંધીજીના વિચારો વિશે ઉદાર બનીને ફેરવિચારણા ભાગ્યે જ થતી હોય છે. થાય ત્યારે કાં તો સ્યુડો એકૅડેમિક અને સુક્કુ સુક્કુ ચર્ચાઓ થાય અથવા ચબરાકીભર્યાં વાક્યોથી તાળીઓના ગડગડાટમાં ગૂંજતી સભાઓ થાય. બીજા છેડે ગાંધીજીને અપશબ્દોથી નવાજતી કવિતાઓ લખાય જેના પર સુપ્રીમ કોર્ટે વાજબી રીતે જ તાજેતરમાં ફિટકાર વરસાવ્યો.

ગાંધીજી વિશે તટસ્થ રહીને નિખાલસતાપૂર્વક અભ્યાસપૂર્ણ અને સ્પષ્ટ ચર્ચાઓ થવી જોઈએ. કમનસીબે હજુ પણ આવું આપણા દેશમાં વિશાળ પાયે થતું નથી. ગૃહસ્થાશ્રમમાં બ્રહ્મચર્ય પાળવા વિશેના ગાંધીજીના વિચારો જ અસ્વીકાર્ય છે એવું નથી. એ ઉપરાંતના એમના ઘણા વિચારોને તમે તપાસી શકો. આજે રિલેવન્ટ હોય એવા વિચારોને સ્વીકારીને તમારા જીવનમાં એનો અમલ કરી શકો. અને આજે જે અપ્રસ્તુત લાગે એવા વિચારોને આદરપૂર્વક છોડીને બાકીના ગાંધીજીને સ્વીકારી શકો.

ત્યાગનો મહિમા મોટો છે. ગાંધીજીએ એને અમલમાં મૂક્યો. ત્યાગ વિશે પુનર્વિચારણા ન થઈ શકે? જે પોતાનું છે તેને ત્યજી દઈએ એને જ ત્યાગની વ્યાખ્યામાં મૂકીએ, જે બીજાનું છે તેને દબાણમાં (લાગણીના કે પછી અન્ય કોઈ પ્રકારના દબાણમાં) લાવીને એની પાસે ત્યાગ કરાવીએ તો શું એ સાચો ત્યાગ કહેવાય? તમારા દાખલા પરથી કોઈ પ્રેરણા પામે તે વાત જુદી છે, પણ ગાંધીજીની જેમ તમે તમારી પત્નીને ઈમોશનલ બ્લૅકમેલ કરતા રહો અને ત્યાગીમાં ખપો એ શું વાજબી કહેવાય. ત્યાગનું અનુસરણ એના કુટુંબે પરાણે કરવું પડે ત્યારે એ ત્યાગનું તેજ ફિક્કું થઈ જાય.

ગાંધીજીના આર્થિક વિચારોમાં આધ્યાત્મિકતાની ભેળસેળ છે. એને દૂર કરી લઈએ તો ચાલે એવું વિદ્વાન અર્થશાસ્ત્રી અને ગાંધીવિચારોના અઠંગ પ્રશંસક સ્વ. વાડીલાલ ડગલીએ પણ નોંધ્યું છે. ગાંધીજીના આર્થિક વિચારોને અમલમાં મૂકતી વખતે કેટલીક વાર સંયમ, સાદાઈ, સત્યને લગતા મુદ્દાઓ આડે આવતા હોય છે. અપરિગ્રહની વૃત્તિ દેશની રિઝર્વ બૅન્કને ન પરવડે.

ગાંધીજીનું જીવન મૂલ્યવાન છે. એમના વિચારો એથીય વધુ મૂલ્યવાન છે. સ્વસ્થતા સાથે આ વિચારોનું પુનર્મૂલ્યાંકન થાય તો એમાના કેટલાય વિચારો હજુય વધારે મૂલ્યવાન પુરવાર થાય એમ છે. **લે. સૌરભ શાહ, સૌ. મુંબઈ સમાચાર.**

# મરમ જાણે મકરન્દ

જીવણ બાવો તુંને જાળવે
હો નિરિયા, જીવણ બાવો તું ને જાળવે.
મોટી હોફિસુંમાં મોટા હમાલ
અને બેઠા છે નકરા દલાલ;
તારો સાહેબ તો બેઠો છે રૂદિયે
ને રૂદિયામાં ઊડે ગલાલ,
કાંટા ને ઝાંખરામાં દુનિયા અટવાય
તુંને મઘમઘતાં ફૂલડાં ફાળવે..
હો, જીવણ બાવો તુંને જાળવે..
હળવેથી હાલજે ને મલકીને મ્હાલજે
ને કરડાકી રાખજે પૂરી,
અબધૂતી રંગ તારો અકબંધ રાખજે
ને કોઈનો ન થાતો હજૂરી;
એ...ય ને, મારાજ તારે આંગણિયે આવ્યા
ને મૂરખાં જે હોય જાય માળવે..
હો, જીવણ બાવો તું ને જાળવે..
નિરિયો ને નાથો ને મનિયો તો લાગે
જાણે મારા કલેજાના કટકા,
રંગીલા મેળામાં રમવાને આવ્યા છે
મમતાના ફોડીને મટકા;
ઓચિંતા ઓચિંતા અમરત ઝરે છે એનાં
તોરીલા તન-મન ને તાળવે,
હો નિ.ના.મ.યા!
જીવણ બાવો ઝાઝું જાળવે..

**- મકરન્દ દવે, (તા.૮.૧૦.૧૯૮૮ સવારના ૫.૦૦)**

**નોંધ : ડો. નિરંજન રાજયગુરુ (નિરિયા) માટે લખાયેલ કાવ્ય**

# તમે કઈ ગાયનું દૂધ પીઓ છો ?

દૂધમાં ૮૫ ટકા પાણી અને ૧૫ ટકા લેક્ટોસ, પ્રોટિન, ચરબી અને મિનરલ્સ હોય છે. અહીં એ-વન અને એ-ટુ પ્રોટિન વચ્ચેનો તફાવત સમજવો જરૂરી છે. દૂધમાં રહેલા ઘન પદાર્થોમાં રહેલું ૩૦ ટકા પ્રોટિન બીટા કેસિનનું બનેલું હોય છે અને આ બીટા કેસિનના જુદા જુદા સ્વરૂપ એટલે એ-વન અને એ-ટુ પ્રોટિન. દસ હજાર વર્ષ અગાઉ ગાયમાં આપ મેળે એ-ટુ બીટા કેસિનનું નિર્માણ થતું હતું. આ બીટા કેસિન સુરક્ષિત હોય છે. જો કે, થોડા હજાર વર્ષ અગાઉ યુરોપના દૂધાળા પ્રાણીઓના કોષોમાં થયેલા કુદરતી ફેરફારને લીધે તેમનામાં રહેલા બીટા કેસિનમાં ફેરફાર થયા હતા. આ જે નવા પ્રકારનું બીટા કેસિન બન્યું તે એ-વન બીટા કેસિન તરીકે જાણીતું બન્યું અને હાલમાં તે વ્યાપક સ્તરે જોવા મળે છે કેમ કે એ-ટુ બીટા કેસિન કરતા એ-વન બીટા કેસિન ધરાવતી ગાય દૂધ વધુ આપે છે.

એ-વન અને એ-ટુ બીટા કેસિન દૂધમાં રહેલા જુદા સ્વરૂપનું પ્રોટિન છે. એ-ટુ બીટા કેસિન બીટા કેસોમોર્ફિન-૭ (બીસીએમ-૭) કહેવાય છે જે શરીરની બહારના છે. તેની માનવીની પાચનક્રિયા અને મગજ જેવા અંગો પર વિપરિત અસર થાય છે. આના લીધે ટાઈપ-વન બીટાકેસીન દુધથી ડાયાબિટીસ, કેન્સર, આથ્રરાઈટિસ, લ્યુકેમિયા, ઓસ્ટિયોપોરોસિસ, હૃદયરોગ અને ડિપ્રેશન તથા સ્કિઝોફ્રેનિયા, ઓટિસમ, શિશુનું અચાનક મોત અને એલર્જી જેવી ગંભીર બીમારી થાય છે. ભારતમાં રહેલી મોટાભાગની ગાયમાં એ-વન બીટા કેસિન હોય છે.

પારંપારિક ભારતીય ગાયમાં એ-ટુ બીટા કેસિન જ હતું જ્યારે એ-વન બીટા કેસિન પાશ્ચાત્ય દેશોની ગાયમાં જ પ્રથમ જોવા મળ્યું હતું. ભારતમાં સાહિવાલ, ગીર, લાલ સિંધી, રાઠી અને કાંકરેજ જેવી ૩૭ શુધ્ધ જાતિની ગાય હતી. આ ગાયો દ્વારા આપવામાં આવતા દૂધમાં એ-ટુ પ્રકાર જ રહેતો હતો. જો કે, છેલ્લા થોડા દાયકાઓમાં ભારતમાં પણ દૂધનું ઉત્પાદન વધારવા માટે વર્ણસંકર ગાયોનું પ્રમાણ વધ્યું છે. ૧૯૭૦માં સરકારે વ્હાઈટ ફ્લડ કાર્યક્રમ શરૂ કર્યો ત્યારબાદ નવી ઓલાદની ગાયનો વિકાસ થયો. ભારતે પોતાની મૂળ ગાયને યુરોપની જર્સી તથા હોલસ્ટિન ફ્રિસેન જેવી એ-વન દૂધ ધરાવતી ગાય સાથે મિશ્રણ કરી સંકર જાતિ પેદા કરી હતી. ગીર ગાયના જનીનમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે એ-ટુનું નિર્માણ કરે છે પરંતુ તેનું દૂધનું ઉત્પાદન ઓછું હોવાથી તે લુપ્ત થવાને આરે છે. ગીર ગાય ડેરી ઉદ્યોગ માટે બિનનફાકારક ગણાય છે.

એ-વન અને એ-ટુ બીટા કેસિન પ્રોટિન વચ્ચેનો તફાવત ન્યૂઝીલેન્ડના વિજ્ઞાનીઓએ ૯૦'ના દાયકામાં શોધ્યો હતો તથા એ-વન બીટા કેસિન પ્રોટિન બીમારીઓ સાથે પણ સંકળાયેલું હોવાની જાણ થઈ હતી. ૧૯૯૩માં પ્રોફેસર બોબ એલિઓટે ૨૦ દેશમાં ડાયાબિટિસ અને હૃદયરોગમાં એ-વન પ્રોટિન ધરાવતાં દૂધનું કેટલું સેવન કરવામાં આવ્યું હતું તેનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે, એ-વન પ્રોટિનને લીધે કેટલાકને પેટમાં ચૂંથારો, ઇરિટેબલ બોવેલ સિન્ડ્રોમ, ઉબકાં-ઉલ્ટી, મ્યુક્સ અને અકળામણ થતી હતી. ૧૯૯૭માં આ વિષય પર થયેલા અન્ય એક અભ્યાસમાં ઉંદરોને એ-વન બીટા કેસિનને લીધે ડાયાબિટિસ થયો હોવાનું જોવા મળ્યું હતું. ત્યારબાદ કેટલાક સંશોધકોએ એ-વન પ્રોટિન ધરાવતા દૂધને એ-ટુ કરતા નિમ્ન કક્ષાનું ગણાવ્યું હતું.

ઓટિઝમ અને સ્કિઝોફ્રેનિયાના દરદીઓના લોહીના નમૂના તપાસતા તેમાં સરેરાશ કરતા વધુ બીસીએમ-૭ હોવાની જાણ થઈ હતી. આંતરડાના કોષોમાં રહેલી બીસીએમ-૭ની હાજરીથી ન્યુરલ કોષોમાં એન્ટિઓક્સિડન્ટની કમી ઉત્પન્ન થાય છે અને આ સ્થિતિ ઓટિઝમમાં પણ જોવા મળી છે. એ-વન અને એ-ટુ બીટા કેસિન વચ્ચેનો તફાવત વિચારણીય અને નોંધપાત્ર છે. એ-વન આપવાથી ઉંદરોના આંતરડાના સોજામાં ૬૫ ટકાનો વધારો થયો હતો.

એ-વન બીટા કેસિનવાળું દૂધ પીનારા શિશુઓના સ્નાયુઓનો અને સાયકોમોટોર સ્કીલનો વિકાસ ધીમો થાય છે. ઈન્ફન્ટ ડેથ સિન્ડ્રોમનો ભોગ બનતા શિશુઓના લોહીમાં બીસીએમ-૭નું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. એ-વન બીટા કેસિન ધરાવતા દૂધથી એ-ટુ બીટા કેસિન ધરાવતું દૂધ બાળકને પીવડાવતા તેમના પાચનમાં સુધારો થયો હોવાનું પણ જાણવા મળ્યું છે. ભારતમાં રાજ્ય કે કેન્દ્ર સ્તરે જે પણ સરકાર આવે છે તે ભારતીય ગાયની જાતિની શુધ્ધતા જાળવવાનું વચન આપે છે પણ તે દિશામાં પગલાં લેતી નથી. સૌથી ચિંતાજનક બાબતે તો એ છે કે, ભારતીય ગાયોને કતલખાને મોકલવામાં આવે છે. ઓડિશા, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળમાં રાતના સમયે ધોરીમાર્ગ પર ધીમા પગલે ચાલતા ગાયોના ધણ જોવા મળે છે. આ ધણની બાંગ્લાદેશ અને આંધ્રપ્રદેશના કતલખાને ગેરકાયદે કતલ કરવામાં આવે છે. ઉત્તરપ્રદેશમાં દેશી ગાય ભાગ્યે જ જોવા મળે છે. આગામી પાંચ વર્ષમાં તો ગાય માત્ર ચિત્રોમાં જ જોવા મળશે એમ લાગે છે. આપણે ગાયને બદલે ભેંસનું દૂધ જ પીએ છીએ.

જો તમે દૂધ પીતા હો તો તે કઈ ગાયનું હોય છે તેને જાણવાની કોશિશ કરી છે ?

**-મેનકા ગાંધી, સૌ. જન્મભૂમિ પ્રવાસી, રવિવાર પૂર્તિ-૨૭.૮.૧૫**

# ખુશખબર ! ખુશખબર ! ખુશખબર
## એ-ટુ દુધ હવે મુંબઈમાં ઘર પહોંચ મળશે

પથમેડા ગૌશાળાની દેશી ગાયનું દુધ હવે મુંબઈમાં મળવાનું શરૂ થઈ ગયું છે. પથમેડાની થેલીમાંજ પેકીંગ થઈ આવે છે. તેથી ભેળસેળનો પ્રશ્ન નથી રહેતો.

ઈસ્કોન-પાર્લા સંસ્થાના નેજ હેઠળ આ વ્યવસ્થા ગોઠવાઈ છે. આપને દેશી ગાયનું દુધ તેમજ પથમેડા સંસ્થાની ગૌ આધારિત અન્ય પ્રોડક્ટસ જેવી કે લાલ દંતમંજન, ટુથપેસ્ટ, બધા પ્રકારના સાબુ, શેમ્પુ, હેર ઓઈલ, હરબલ પાવડર, હવન સામગ્રી, બ્રાહ્મી સીરપ, પેઈનબામ, ગો અર્ક, તુલસી અર્ક, ગોનાઈલ-ફીનાઈલ, વિગેરે વસ્તુઓ પણ મળશે. ઈસ્કોન સંસ્થામાં પોતાના વપરાશમાં પ્રાયઃ પથમેડાની વસ્તુઓ વાપરવામાં આવે છે.

ગાય બચાવવા માટે ગૌ આધારિત વસ્તુઓ વાપરવી એ સાચી ગૌ સેવા છે, આપણી ફરજ છે.

**ગાયના દુધ તથા વસ્તુઓ માટે સંપર્ક :**

રિતેશભાઈ શાહ - ૯૩૨૧૪૧૧૮૮૪

લીનાબેન શાહ - ૯૯૬૯૬૩૫૦૮૧ ૯૯૬૭૪૮૧૮૫૮

૨૬ડી, વશિષ્ઠ કૃપા, આકુર્લી રોડ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૬૭.

## 'મેડ ઈન ઈન્ડિયા' ની બલિહારી

'મેઈડ ઈન ઈન્ડિયા'ની અનોખી બલિહારી છે. આ દેશમાં એક એવી 'મહાન પરંપરા' છે કે કચરો અને ગંદકી કરે કોઈ અને એને સાફ કરે બીજું કોઈ. ગંદકી કરનાર ક્યારેય એને સાફ કરતો નથી! સાફ કરનાર બીજું જ હોય. સરકાર આવા સફાઈ-કર્મીઓની બાબતમાં કાયદાઓ ઘડે છે. મેન-હોલમાં ઊતરવું કાયદાની દ્રષ્ટિએ અપરાધ છે, પણ મેન-હોલમાં ઊતરીને ઝેરી ગૅસથી મરનારા લોકોની ઘટના વારે વારે સાંભળવા મળે છે.

મેલું ઊપાડવું એ કાયદાની દ્રષ્ટિએ અપરાધ ગણાય છે, પરંતુ આજે આ દેશમાં જ છવ્વીસ લાખથી વધુ લોકો મેલું ઉપાડે છે. વિધિની વક્રતા તો એ કે માથે મેલું ઉપાડનારની સૌથી વધુ સંખ્યા ઉત્તર પ્રદેશમાં છે, જ્યાં એક સમયે એક દલિત મહિલા પ્રદેશના મુખ્ય પ્રધાન હતા. ઉત્તર પ્રદેશના લોકોને મંદિર-મસ્જિદના ઝઘડા કે ઑનર કિલિંગમાંથી ક્યાં ફુરસદ મળે છે કે જેથી દલિત વર્ગને 'ઑનર' આપે.

સરકારે માથા પર મેલું ઉપાડનારાઓ માટે એક કાયદો કર્યો કે જો તેઓ આ કામ છોડી દે, તો એમને ચાલીસ હજાર રૂપિયા આપવા, એમને દર મહિને ત્રણ હજારની મદદ આપવી, પણ જેમને માટે કાયદો ઘડાયો છે, એમને જ આ કાયદાની કશી જાણ નથી. આજે દેશમાં શૌચાલયો બનાવવાનું આંદોલન થાય છે, પરંતુ એને સાફ કરનાર અંગે કોઈ વિચાર કરશે ખરું?

## આમાંથી આપણે બોધ લઈશું ખરા ?

આનંદના સમાચાર આવ્યા છે કે મોટરગાડી કરતાં સાઈકલ આગળ નીકળી ગઈ છે? હા, માનવીના બે પગ વડે ચાલતી સલુણી સાઈકલે અનેક અશ્વબળના યંત્રવાળી મોટરગાડીને હવે પાછળ રાખી દીધી છે.

યુરોપ-અમેરિકાની પવનવેગી મોટરગાડીઓના મોહમાં પડીને આપણે ભારતમાં એવાં વાહનોનો વપરાશ ઝપાટાભેર વધારતા જઈએ છીએ. પણ સબૂર ! પશ્ચિમના એ દેશોમાં તો મોટરગાડી હવે જાણે ભૂતકાળનું વાહન બનવાનું છે. એને સ્થાને એકવીસમી સદીના માનવીનું વાહન બનશે બે પૈંડાંની સાઈકલ.

મોટી મોટી મોટરગાડીઓમાંથી નીકળતો પેટ્રોલનો ધુમાડો આપણા પર્યાવરણને કેટલું ઝેરી બનાવી મૂકે છે, તેનો પાકો અનૂભવ લઈ લીધા પછી યુરોપના લોકો હવે નિર્દોષ ને નાજુક સાઈકલ ભણી મુખ ફેરવી રહ્યા છે. બે પૈંડાના એ માનવ-સંચાલિત વાહનના વપરાશમાં યુરોપમાં ટચુકડો નેધરલેન્ડ દેશ મોખરે છે. મોટા મોટા ઉદ્યોગો માટે મશહૂર જર્મની પણ હવે એ દિશામાં વધવા લાગ્યો છે. ગયે વરસે જ્યાં ૩૮ લાખ નવા મોટરવાહનો નોંધાયેલા તે જર્મનીમાં હવે વરસે પચાસ લાખથી વધુ સાઈકલો વેચાય છે. સાઈકલો પાછળ જર્મન પ્રજા વર્ષે રૂ.૬૦ અબજ ખર્ચે છે. આજે એ દેશમાં છ કરોડથી વધુ સાઈકલો છે, તેમાંથી અડધી તો નિયમિત વપરાય છે.

**- સૌ. મધુભાઈ ભીમાણી.**

**નોંધ: દિલ્લી સરકારે હમણા ૨૨ ઓક્ટોબરનો દિવસ કાર ફ્રી દિવસ તરીકે જાહેર કરેલો.**

## અઝીમ પ્રેમજીના વિચારો

હંમેશા યાદ રાખવું જોઈએ કે આપણી સફળતામાં બીજા ઘણાઓનું અતિ મહત્ત્વનું યોગદાન હોય છે. આ બીજાઓમાં આપણા માતા-પિતા સહિત સમાજના બીજા ઘણા લોકોનો સમાવેશ થાય છે. આપણામાં રહેલી કુશળતાનો મહત્તમ ઉપયોગ કરી આ જગતને બીજાઓ તેમાં સુખશાંતિથી અને ખૂબ સારી રીતે રહી શકે એવી એક જગ્યા બનાવવાની આપણી જવાબદારી છે, ચાલો, આપણે થોડું ઘણું કંઈક કરીએ કારણ કે જો આપણે એકાદ પણ સારું કાર્ય સફળતાપૂર્વક કરીશું તો તેનો લાભ ફક્ત આપણને જ નહિ બીજા ઘણાંઓને થશે.

**વાર્તા:** ફ્લેમિંગ નામના એક સ્કોટીશ ખેડૂતની આ વાત છે. ખૂબ મહેનત કરી તે પોતાના કુટુંબનું ભરણપોષણ કરતો. એક દિવસ ખેતરમાં મજૂરી કરતી વખતે તેણે પાસેથી જ કોઈ મદદ માટે બૂમ પાડી રહ્યું હોય એવો અવાજ સાંભળ્યો.તેણે તરત પોતાના હાથમાંના ઓજારા નીચે નાખી દીધા અને તે અવાજની દિશામાં મદદ કરવા માટે દોડી ગયો. તેણે જોયું કે કમર સુધીના કાદવમાં ખૂંપી ગયેલો એક ભયભીત છોકરો ચીસો પાડી પોતાની જાતને બચાવવા માટે હવાતિયાં મારી રહ્યો હતો. ફ્લેમિંગે તે કાદવમાં ખૂંપી રહેલા બાળકને બહાર ખેંચી કાઢી તેનો જીવ બચાવ્યો. જો ફ્લેમિંગ તેની મદદે ના આવ્યો હોત તો ધીમેધીમે બાળક આખો જ કાદવમાં ખૂંપી જાત અને મૃત્યુ પામત. બીજે દિવસે, એક ભવ્ય બગી, ફ્લેમિંગના ગરીબ આંગણે આવી ઊભી રહી. ભપકાદર વસ્ત્રોમાં સજ્જ એક જાજરમાન પુરુષ તેમાંથી ઊતર્યો અને તેણે પોતાની ઓળખ કાદવમાંથી ફ્લેમિંગે બચાવેલા બાળકના પિતા તરીકે આપી. તે ઉમદા સજ્જને કહ્યું, 'તારા આ ઉદારતાભર્યા કાર્યનો મારે બદલો આપવો છે.' ફ્લેમિંગ તો રાજીના રેડ થઈ ગયો. સજ્જન બોલ્યા, ''તારા પુત્રને તું મને સોંપી દે. હું તેને સારામાં સારું શિક્ષણ આપીશ અને એક દિવસ એને તારી સામે એવો લાયક બનાવીને રજૂ કરીશ કે તને તેના પર ગર્વ થશે, અને તેણે એમ જ કર્યું. થોડાં જ વર્ષોમાં ફ્લેમિંગનો પુત્ર લંડનની સેંટ મેરી હૉસ્પિટલ-મેડિકલ સ્કૂલમાં ભણીને સ્નાતક થઈ ગયો અને તેણે જગતમાં 'સર એલેક્ઝાંડર ફ્લેમિંગ' તરીકે પોતાની એક આગવી ઓળખ સ્થાપી. આ એ જ 'એલેક્ઝાંડર ફ્લેમિંગ' જેમણે 'પેનિસિલિન'ની શોધ કરી. ઉમદા સજ્જન જેમણે એલેક્ઝાંડર ફ્લેમિંગને ભણાવ્યો-ગણાવ્યો, તેના પુત્રને 'ન્યુમોનિયા' લાગુ પડ્યો અને 'પેનિસિલિને' જ તેનો જીવ બચાવ્યો અને બીજી એક નવાઈભરી વાત એ છે કે આ ઉમદા સજ્જન એ બીજું કોઈ નહિ પણ 'લૉર્ડ રાનડોલ્ફ ચર્ચિલ' હતા અને તેનો પુત્ર એટલે 'વિન્સન્ટન ચર્ચિલ'.

આપણે સહુએ, આપણી બધી કુશળતા, ક્ષમતા અને શક્તિ જગતમાં સુખશાંતિની સ્થાપના કરવા માટે વાપરવા જોઈએ.

પરિવર્તન એક જ એવી ચીજ છે કે ક્યારેય પરિવર્તન પામવાની નથી. તો આવો આપણે સૌ એને અપનાવતા શીખીએ. પરિવર્તન જ સનાતન સત્ય છે. પરિવર્તન શાશ્વત છે. હંમેશા પરિવર્તન માટે તૈયાર રહો કારણ કે પરિવર્તન જ તમને સફળતા અને આનંદ આપી શકશે.

જો કોઈએ બદલાવ જોઈતો હોય તો તે બદલાવ થઈ શકે એ પહેલાં તેણે પોતે બદલાવ બનવું પડશે (એટલે કે તેણે પોતે બદલાવું પડશે.)

**- વિકાસ ઘનશ્યામ નાયક, સૌ. જન્મભૂમિ.**

# પેસ્ટિસાઈઝ્ડનો શ્રેષ્ઠ વિકલ્પ-જંતુનાશક દવા બાયો-ડાયનેમિક

રાસાયણિક પેસ્ટિસાઈઝડ હવે ખેડૂતોને આર્થિક રીતે પરવડે તેમ નથી. એક તો તે મોંઘું પડે છે અને જમીનની સજીવતા ઘટાડી રહ્યું છે. શાકભાજીમાં જંતુનાશક દવા છાટવાના કારણે પારાવાર બીમારીઓ થઈ રહી છે. આ ખતરનાક જંતુનાશક પેસ્ટિસાઈઝડ દવાનો શ્રેષ્ઠ વિકલ્પ ભારતીય કૃષિ પદ્ધતિ દ્વારા મળી રહ્યો છે. ઘણા ખેડૂતોએ તેના સફળ પ્રયોગો કર્યા છે. ગૌમૂત્રનો તેમાં ઉપયોગ થાય છે. જેની ત્રણ ફોર્મ્યુલા છે. જેમાંની કોઈ એક ઉપયોગ કરી શકાય છે.

**પદ્ધતિ ૧:** ગૌમૂત્રને માટલામાં ૧૦ લિટર ભરીને રાખવું. જેમાં ૨૫૦ ગ્રામ તાંબાના તાર મૂકવા. તાંબું એક તો પાકમાં જરૂરી ખનિજ પૂરા પાડે છે અને વળી તેમાં બેક્ટેરિયા મારવાની ક્ષમતા છે. તાંબાના પતરાના બદલે વાયર લેવા વધારે સારા છે. ઈલેક્ટ્રિકના જૂના વાયરના ટુકડા સસ્તા પડે છે. વાયરના ટુકડા કરી નાખવા. માટલાનું મોઢું ગાયના છાણથી બંધ કરી દેવું. ૧૫ દિવસ પછી તે કાઢી લેવું. જે એક ઉત્તમ ખાતર ઉપરાંત જંતુનાશક દવા તરીકે કામ આપશે.

**પદ્ધતિ ૨:** માટલામાં ૧૦ લિટર ગૌમૂત્ર લઈને તેમાં ૬ કિલો કડવા લીમડાનાં પાન નાખવાં. તેમાં તાંબાના વાયર નાંખવા. તેને થોડા દિવસ સડવા દેવું. જે કાઢીને ગાળી લઈ શ્રેષ્ઠ જંતુનાશક તરીકે વાપરી શકાય છે. આ પદ્ધતિ એટલા માટે સારી છે કે, તેની પાછળ બહુ ખર્ચ નથી. સસ્તી પડે છે અને ખેડૂતો જાતે જ ઘરે બનાવી શકે છે. મોંઘી જંતુનાશક દવાના બદલે તેનો ઉપયોગ પાક ઉપર છાંટવામાં કરી શકાય છે.

**પદ્ધતિ ૩:** બોર, જાંબું, સીતાફળનાં પાન અને જરૂરી બીજા જંતુનાશક વનસ્પતિનાં પાન ઉમેરી શકાય છે. જે ખેતરને શેઢે કે પડતર જમીન ઉપર ઉગેલાં હોય તે વાપરી શકાય છે. ૪ કિલો પાન લઈને તેને ૧૦ લિટર ગૌમૂત્રમાં નાખી તાંબાના વાયર નાખી મિશ્રણને સડવા દેવું. આ ત્રણેય મિશ્રણમાંથી કોઈ એકને સતત ૧૫ દિવસ સુધી સડવા દઈને પછી તેને પાંચ લિટર રહે ત્યાં સુધી હળવા તાપે ગરમ કરતા રહેવું. કોઈ પણ વાસણમાં ગરમ કરી શકાય છે. પરંતુ માટીથી બનેલું વાસણ સારું રહે છે. પાંચ લિટર પ્રવાહીને ગાળીને શાકભાજીના પાકોમાં જંતુનાશક તરીકે ઉપયોગમાં લેવું. આ દ્રાવણનો ઉપયોગ જંતુનાશક દવા છાટવાના પંપમાં કરવાનો રહે છે. પંપમા ૧૫ લિટર પાણીએ ૨૦૦ એમ.એલ. પ્રવાહી નાખવું તથા ૩ લિટર તાજું ગૌમૂત્ર નાંખવું. શાકભાજી માટે આ જંતુનાશક દવા અત્યંત અસરકારક બની છે.

અત્યારે ખાસ કોઈ કીટકો માટે ધતુરાનાં પાન, જાંબુ, સીતાફળ પણ વાપરી શકાય છે. જો ખેતરમાં વધારે ફૂગ હોય તો માટલામાં ૨૦૦ ગ્રામ કાળા થોથા અને ૫૦ ગ્રામ ફટકડી ભેળવી દેવી.

**- દિવ્ય ભાસ્કરમાંથી સાભાર, સૌ. મધુભાઈ ભીમાણી.**

## આજનો વિચાર

**ધીરજ ન હોય ત્યારે તમે એક પળમાં કશુંક એવું તોડી નાખો છો જેને સાંધતાં યુગો વીતી જાય છે. ચાર્લ્સ ડબ્લ્યુ. શેડ**

# દેશી ગાયના સંવર્ધન માટે રૂપિયા ૫૦૦ કરોડ ફાળવવામાં આવશે

રાષ્ટ્રીય ગોકુળ મિશન તરીકે ઓળખનારી આ યોજનાની અંતર્ગત 'ગોકુળ ગ્રામ' નામના કેન્દ્રોની સ્થાપના થશે અને આ કેન્દ્રોમાં સ્થાનિક ગાયોની પ્રજાતિઓની સાચવણી કરવામાં આવશે અને એમને વિદેશી ગાયો સાથે 'ક્રોસ બ્રિડ' કરતા અટકાવવામાં આવશે.

નવી યોજના અંતર્ગત જે ખેડૂત દેશમાં આ પ્રકારનું શ્રેષ્ઠ કેન્દ્ર નિર્માણ કરશે અને ગાયોની સાચવણી કરશે એ 'ગોપાલ રત્ન' એવોર્ડ માટે લાયક ઠરશે. દરેક ગાયને એનો આગવો આઈડેન્ટિટી નંબર આપવામાં આવશે અને આ નંબરને 'નેશનલ ડેટાબેઝ' સંગ્રહ કરીને જાળવી રાખવામાં આવશે.

જે કોઈ ગાય દૂધ આપતી બંધ થઈ જાય એનું સંરક્ષણ અને સાચવણી કરવામાં આવે છે કે નહીં એના પર આ યોજનાની અંતર્ગત લક્ષ્ય રાખવામાં આવશે. સામાન્ય રીતે આ પ્રકારની ગાયોને કતલખાને પાઠવી દેવામાં આવતી હોય છે.

ઊંચી ઔલાદની વિવિધ જાતીઓની ગાયના વંશવેલાને આગળ ચલાવવા અને વિકસાવવા માટે 'ગોપાળ સંઘ' અથવા બ્રિડિંગ સેન્ટરની સ્થાપના કરીને આ ક્ષેત્રમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપને ઉતેજન આપવામાં આવશે. ગાયની સ્થાનિક જાતિઓ દેશની આબોહવાને સારી રીતે ખમી શકે છે અને વધુ ગરમીમાં પણ એમને વાંધો નથી આવતો. કૃષિ પ્રધાન રાધા મોહનસિંઘે કહ્યું હતું કે આ બધી બાબતો દેશી ગાયની તરફેણમાં હોવા છતા દેશી ગાયની અવગણના કરવામાં આવે છે.

વિશ્વમાં દૂધનું ઉત્પાદન કરતો ભારત સૌથી મોટો દેશ છે, પરંતુ એનું કારણ દેશમાં ગાયોની વિરાટ સંખ્યા હોવાનું છે. ગાયદીઠ લીટર દૂધના ઉત્પાદનમાં ભારત ઘણો પાછળને સ્થાને છે. અમેરિકાની ગાય જેટલું દૂધ આપે છે એની સરખામણીએ ભારતની ગાય દસમાં ભાગનું દૂધ આપે છે. આને કારણે દૂધની વધતી જતી માગ પૂરી કરવામાં દેશ સંઘર્ષ કરી રહ્યો છે. યુનોના અહેવાલ મુજબ ગાયોને અપાતા પોષણની માત્રા ઓછી હોવાને કારણે તથા જિનેટિકલી ભારતીય ગાયોની દૂધ આપવાથી ક્ષમતા ઓછી હોવાને કારણે આમ થાય છે. કોમર્શિયલ ડેરીઓ હાલમાં ગાય દીઠ દૂધ વધુ મળે એ માટે 'ક્રોસી બીડ' કરાવવા માટે જર્સી હોલસ્ટીન, બ્લેક એન્ડ વ્હાઈટ હોલ્સ્ટીન અને બ્રિટિશ બ્રાઉન જર્સી ગાય પર મદાર રાખે છે.

આ કાર્યક્રમ આરએસએસના ઈશારા પર ચાલુ કરાવવામાં આવી રહ્યો છે એ પ્રશ્નનો ઉતર આપતા રાજ્ય કક્ષાના કૃષિ પ્રધાન સંજીવ બાલિયાને કહ્યું હતું કે જો આપણે આપણી સાહીવાલ અને રાઠી જેવી ઉત્તમ ઔલાદની સ્થાનિક ગાયોનું સંવર્ધન નહીં કરીએ તો એમનું અસ્તિત્વ ખતરામાં પડી જશે. જો આનાથી આરએસએસની ચિંતાઓનું નિરાકરણ થતું હોય તો પણ આ એક ઉમદા ઉદેશ અને એમાં કંઈ ખોટું નથી. વધુ વિગતો આપતા સિંઘે કહ્યું હતું કે ગાયનું છાણ અને ગૌમૂત્ર બાયોગેસ અને વિદ્યુત પેદા કરવામાં ઉપયોગમાં લેવામાં આવશે.- **સૌ. ગુજરાત સમાચાર.**

**જીંદગીના એકાદ ખૂણે થોડોક પ્રકાશ ફેલાય તો જીવન ઉજ્જવલ બની જાય છે.**

# ગૌવંશ હત્યા પ્રતિબંધ સંપૂર્ણ લાભકારી

સંપૂર્ણ ગૌવંશ હત્યા પ્રતિબંધનો કાયદો જાહેરહિતમાં હોવાથી દરેક પ્રજાજનની જરૂરિયાતો પૂરી કરે છે. ખેડૂતો-માલધારીઓ-કુંભારો-કારીગરો, ચમારો-ગાડાવાળાઓ-પશુપાલકો-માલવાહકો આ દરેકનો વ્યવસાય પશુઓ સાથે સંકળાયેલો છે. મીટ એક્સપોર્ટરો અને ગૌવંશનું માંસ ખાનારાના કહેવાતા મૂળભૂત હક્કોની રક્ષા ખાતર કરોડો ખેડૂતોના મફત દેશી ખાતર મેળવવાનો હક્ક માર્યો જાય છે. કરોડો કુંભારોનો ગાર-માટી માટે મફત છાણ મેળવવાનો હક્ક ખતમ થાય છે. લાખો બળદગાડા હાંકનારાઓની રોજી-રોટી છીનવાઈ જાય છે. લાખો ચર્મકારોનો મફત ચામડું મેળવવાનો હક્ક માર્યો જાય છે. કરોડો ખેડૂતોનો બળદથી ખેતી કરવાનો હક્ક છીનવાઈ જાય છે. કરોડો બાળકો તાજા દૂધ વિના કુપોષણનો ભોગ બને છે. સેંકડો પશુપાલક બેકારીના ખપ્પરમાં હોમાય છે. બળદઘાણી ચલાવતા લાખો ઘાંચી (મુસલમાન) પરિવારોની રોજી છીનવાય છે. મુઠ્ઠીભર લોકોના હિત જોખમાય તે સામે બુમરાણ અને કાગારોળ મચાવનારા લોકો દેશની વિશાળ પ્રજાનાં હિતો જોખમાયાં તે સામે કેમ ચૂપ છે ?

ગૌવંશ હત્યા પ્રતિબંધ દ્વારા રાષ્ટ્રના અર્થતંત્રમાં પશુની પ્રતિષ્ઠા કરવામાં આવશે તો લોકો બેકાર થવાને બદલે કરોડો લોકોને રોજગારી મળશે. જેથી બેકારીની સળગતી સમસ્યાનો કાયમી ધોરણે અંત આવશે. આ પશુધન તેના છાણમૂત્ર દ્વારા સમગ્ર પ્રજાને સસ્તું-પૌષ્ટિક અને મબલખ અનાજ પૂરું પાડી શકે તેમ છે. પ્રદુષણ ઓકતાં રાસાયણિક ખાતરના કારખાનાઓની અને દેશના જળ-જમીન અને ખોરાકને ઝેરી બનાવતી જંતુનાશક દવાઓની પણ જરૂર નહીં રહે. પશુઓનું છાણ-મૂત્ર જ ઉત્તમ સેન્દ્રિય ખાતરની ગરજ સારશે. કૃષિના આધુનિકરણથી અનાજ-કઠોળ વગેરે મોંઘું થયું. સ્વદેશી ખેતીથી અનાજ વગેરે ખેત ઉત્પાદન સસ્તાં થશે. પ્રજાની રોગપ્રતિકારશક્તિ વધશે, પ્રદૂષણ ઘટશે.- **સેવંતી મ. સંઘવી, શિવ કૃપા, 'એચ' ૬-ડી, જૂના નાગરદાસ રોડ, અંધેરી-પૂર્વ, મુંબઈ-૬૯.**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. શાંતીગ્રામ નિર્માણ ટ્રસ્ટ | - તણછા | ૧૦૦/- |
| ૨. નટુભાઈ શેઠ | - વરલી, મુંબઈ | ૧૦૦/- |
| ૩. પ્રજ્ઞાબેન કામાણી | - ઘાટકોપર | ૫૦૦/- |
| ૪. સુધાબેન ગાંધી | - જુહુ | ૧૦૦/- |

**<u>નોંધ:</u>** આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.

**આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય**
**શ્રીમદ્ રાજચંદ્ર, સત્સંગ મંડળ,**
**સાંતાક્રુઝ-પાર્લા-અંધેરી,**
**૭૦૪, નટરાજ બીલ્ડીંગ, ૧૨૧, એસ.વી.રોડ,**
**સાંતાક્રુઝ (વે.), મુંબઈ ૪૦૦ ૦૫૭.**
**તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની**
**લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.**

# પ્રભાતનાં પુષ્પો

તમારા પરિચયમાં આવ્યો ન હતો ત્યાં સુધી તમે મને જાણતા ન હતા. મારી સાથે શો સંબંધ હતો એનો તમને ખ્યાલ પણ ન હતો અને મારા વિષે તમને કોઈ કલ્પના પણ ન હતી. હવે જ્યારે વિદાયનો પ્રસંગ આવ્યો છે ત્યારે તમે રડવા બેઠા છો. હું ક્યાં જવાનો છું એ તમે જાણતા નથી. મારું શું થશે એનું તમને જ્ઞાન નથી અને હું તમારો નથી રહેવાનો એ વાત પણ ચોક્કસ છે.

તમારો હતો નહીં, તમારો રહીશ નહીં એ વાત મેં તમને પહેલેથી જ જણાવી હતી. તો પછી વચગાળેલા સમય દરમિયાન તમે જે સંબંધ બાંધ્યો છે એ સંબંધ તોડવાની ઘડી આવતાં આ રુદન શા માટે ? જે શરીર પહેલાં હતું નહીં અને થયા પછી જે રહેતું નથી એને માટે આટલો બધો શોક ?

આજ સુધી તમારાં આસુંઓમાં ચેતનનો ચમકાર પૂર્યો છે, તમારા નિસાસામાં મેં આશા ભરી છે અને ફૂલ જેવા તમારા હોઠ પર મેં ઝૂલતા પુલ બાંધ્યા છે.

આવી રીતે હું તમને કંઈક આપીને જાઉં છું. મને સમજાતું નથી કે તમે તમારા સ્વાર્થને માટે રડી રહ્યા છો કે મારું દુ:ખ જોઈને ?

**- વજુ કોટક, સૌ. ચિત્રલેખા.**

# કોસ કાણો છે।

સુંદર મજાનો કૂવો હતો. ખેડૂત વહેલી સવારથી કોશ હાંકતો હતો. ફરતાંફરતાં એક સાધુમહારાજ કૂવા પર આવી પહોંચ્યા. ત્યાં બેઠા. શાંતિથી એ ખેડૂતના શ્રમપરાયણ જીવનને નીરખી રહ્યા.

બપોર ચડ્યા. ખેડૂતે ખેતરના ક્યારામાં જઈને જોયું તો આટલા શ્રમ પછી પણ માત્ર એક નાનો ક્યારેય પલળ્યો નહોતો. ચિંતાતુર ખેડૂત ઝાડના છાંયે આવીને રોંઢો કરવા બેઠો. પોતાની પાસે જે કાંઈ હતું તેમાંથી થોડું સાધુમહારાજને પણ આપ્યું. સાધુએ પ્રસન્નતાથી રોટલો-શાક ખાધાં, પણ ખેડૂતનો ચેહરો તો પડેલો જ હતો.

સાધુ સમજી ગયા. પૂછ્યું, ''ભાઈ ! તું હતાશ કેમ છો ?''

''મહારાજ, સવારથી હું કોશ હાંક્યે રાખું છું, પણ પૂરો ક્યારોય પલળ્યો નથી. કોણ જાણે આખું ખેતર ક્યારે પલળશે. કૂવાનાં પાણી પણ ઊંડાં ગયાં છે. '' ખેડૂતે પોતાની મૂંઝવણ રજૂ કરી.

''ભાઈ ! તું સવારથી કોસ હાંકે છે, પણ તે પાછું વળીને જોયું છે ખરું ? કૂવામાં પાણી તો છે, તે કોસમાંજ ભરાય છે, પણ કોસ ઉપર આવે છે ત્યાં સુધીમાં મોટા ભાગનું પાણી કૂવામાં જ ઢોળાઈ જાય છે. કારણ કે કોસ જ કાણો છે. ''

ખેડૂત સાધુ સામે આભારવશ થઈ બોલ્યો ''મહારાજ, તમને આ ખબર શી રીતે પડી?'' ભાઈ ! ''હું પણ તારા જેવો જ ખેડુ છું. હું પણ જીવનજળરૂપી કૂવામાંથી કોસ દ્વારા પાણી ખેંચું છું. થોડાં વરસ પહેલા હું પણ તારી જેમ કોસ ખેંચ્યે રાખતો હતો એટલે બધું પાણી ઢોળાઈ જતું હતું. મેં એક પછી એક કાણાં શોધ્યાં ને પૂર્યાં. હવે હું જીવનજળનો આનંદ માણી શકું છું.''

પંચ જ્ઞાનેન્દ્રિયોરૂપ કાણાવાળો કોસ આખી જિંદગી ખેંચીએ તોપણ જીવનવાડીનો એક પણ ક્યારો પલળે ખરો ?

જેમ કોસનાં કાણાં બૂરવા જોઈએ તેમ ઈંદ્રિયોનાં કાણાં પણ બૂરી સંયમ નિયમથી કોસ ખેંચવો જોઈએ, તો જ મોક્ષરૂપી જળથી જીવનક્યારો ભરાય.- **સૌ. જૈન પ્રકાશ.**

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

## પ્રત્યેક માણસ માટે નિષ્ઠાનો ભાવ

ઈન્ટરનેટ પર એક વાર્તા વાંચી. એક મા એની નાનકડી દીકરી સાથે સિટી-બસમાં જતી હોય છે. બસમાં એક ગરીબ અને ચીંથરેહાલ છોકરો એમની પાસે આવે છે. એ એમને સીંગનું પેકટ બતાવીને ખરીદવાનો આગ્રહ કરે છે. એની પાછળ ઊભેલો વૃદ્ધ પણ ચીંથરેહાલ છે. એમને જોતાં જ માતાને ચીતરી ચઢે છે. દીકરી માને કહે છે કે બિચારા ભૂખ્યા હશે, એમની પાસેથી સીંગનું એક પેકેટ ખરીદીએ તો ? મા ના પાડે છે અને દીકરીને ખોળામાં ખેંચી લે છે, જેથી એને બે ગંદા લોકોનો સ્પર્શ થાય નહીં. બસમાંથી ઊતરતી વખતે દીકરી પેલા છોકરા સામે હાથ હલાવીને 'આવજો' કહે છે.

મા-દીકરી લોકલ ટ્રેનમાં જાય છે તો ત્યાં પણ પેલા બે જણ એ જ ડબામાં ચઢે છે અને સીંગ વેચવા લાગે છે. માતાનો તિરસ્કાર અને ભય વધી જાય છે. એ દીકરીને કહે છે કે એવા લોકો ચોર અને ધુતારા હોય છે, તક મળતાં જ બાળકોને ભોળવીને ઉપાડી જાય છે. એમનું સ્ટેશન આવે છે ત્યારે જલદી-જલદી ટ્રેનમાંથી ઊતરે છે. મા દીકરીનો હાથ પકડીને ચાલવા લાગે છે. પાછળથી પેલા ગંદા-ગોબરા વૃદ્ધનો અવાજ સંભળાય છે, 'મેડમ !' મા દીકરીનો હાથ ખેંચતી લગભગ દોડતી હોય તેમ પ્લેટફોર્મની બહાર નીકળે છે અને વૃદ્ધ પહોંચી આવે તે પહેલાં ટેક્સીમાં બેસી જાય છે. પરંતુ ટેક્સી જાય તે પહેલાં વૃદ્ધ એમની પાસે પહોંચી આવે છે. માતા 'ભિખારી જેવા માણસ' પર ગુસ્સે થઈ જાય છે. વૃદ્ધના હાથમાં સોનાની ચેન છે. એ કહે છે : 'મેડમ, ટ્રેનમાંથી ઊતરતી વખતે તમારી દીકરી મારા દીકરાને આ ચેન આપતી ગઈ હતી. અમને એનો ખપ નથી, હું તો પાછી આપવા માટે તમારી પાછળ દોડતો હતો.' મા જુએ છે તો એ ચેન એની દીકરીની હતી. માનું મોઢું પડી જાય છે. વૃદ્ધ સીંગનું એક પેકેટ દીકરીને આપીને પૈસા લીધા વિના ચાલ્યો જાય છે. દીકરીની આંખમાં પ્રશ્ન છે, જાણે એ માને પૂછે છે, મા, તું ક્યા કારણસર એમનો તિરસ્કાર કરતી હતી ?

આમ તો આ વાર્તા મૂલ્યબોધ આપતી સાદી વાર્તા છે, પરંતુ એમાંથી માનવમનમાં રહેલા અકારણ પૂર્વગ્રહનો મહત્ત્વનો મુદ્દો સમજાય છે. પૂર્વગ્રહ વિશે છઠ્ઠા-સાતમા ધોરણના વિદ્યાર્થીઓને આવી વ્યાખ્યા આપવામાં આવે છે : 'પૂર્વગ્રહ એટલે કોઈ વ્યક્તિ કે લોકોના સમૂહ માટે કોઈપણ જાતની પૂર્વ જાણકારી વિના બાંધી લેવામાં આવેલો ગેરવાજબી અભિપ્રાય.' બાળકોને પૂર્વગ્રહયુક્ત અભિગમથી શું ખોટું થાય તે પાઠ્યપુસ્તકમાં શીખવવામાં આવે છે, પરંતુ તેઓ એમના પરિવારમાંથી અને આજુબાજુની દુનિયામાંથી પૂર્વગ્રહ વિકસે એવા જ પાઠ શીખે છે. એ કારણે દુનિયાભરના લોકો એમના નાના-મોટા પૂર્વગ્રહોમાંથી બહાર નીકળી શકતા નથી. એનાં કેવાં ગંભીર પરિણામો આવે છે તે આપણે આજુબાજુના જીવનમાંથી અને ઈતિહાસમાંથી જાણીએ છીએ, છતાં કોઈ ફરક પડતો નથી.

એનું કારણ છે : પૂર્વગ્રહો વારસામાં મળે છે. આપણું માનસ પૂર્વગ્રહયુક્ત છે તે વિશે આપણે સભાન હોતા નથી અથવા સભાન બનવા માગતા નથી. અન્ય લોકો કે અન્ય સમૂહના લોકો માટે આપણે કેટલું બધું ઓછું જાણતા હોઈએ છીએ અને જે જાણતા હોઈએ તેમાંનું કેટલું સાચું છે અને કેટલું ખોટું છે એની ફેરતપાસ કરવા માટે આપણે તૈયાર હોતા નથી. એવું બનતું હોત તો ભીખ માગતી વ્યક્તિ ચોર જ છે કે અન્ય ધર્મ-સંપ્રદાયના લોકો સાથે ભળી જ શકાય નહીં એવી માન્યતાનો શિકાર બનતા ન હોત. હિટલરના મનમાં યહૂદીઓ માટે પૂર્વગ્રહ ન હોત તો માનવઈતિહાસનો ભયાનક માનવસંહાર થયો ન હોત, ધર્મના નામે કતલો થઈ ન હોત, આપણો સમાજ ઊંચનીચના ભેદમાં રચ્યોપચ્યો રહેતો ન હોત, નેલ્સન મંડેલાને સત્તાવીસ વરસ સુધી જેલમાં સબડવું પડ્યું ન હોત અને ગાંધીજી પ્રાર્થનાસભામાં જતા હતા ત્યારે એમને ગોળી મારવામાં આવી ન હોત. દુનિયાભરની માનવજાત સાચા અર્થમાં માનવ બની શકી હોત. ઈથોપિયાના ભૂતપૂર્વ વડા હેઈલ સિલાસીએ કહ્યું છે : 'આપણે વિશાળ દિલવાળા બનવું જોઈએ, આપણું મનોબળ દ્રઢ કરવું જોઈએ, આપણો દૃષ્ટિકોણ બૃહદ બનાવો જોઈએ. આપણે તુચ્છ પૂર્વગ્રહો છોડીને નવી માનવજાતિના સભ્ય બનવાની જરૂર છે. આપણામાં જાત પ્રત્યે જ નહીં, પ્રત્યેક માણસ માટે નિષ્ઠા હોવી જોઈએ. તો જ માણસ તરીકેની આપણી ઓળખ સંપૂર્ણ બનશે.'

**-વીનેશ અંતાણી, સૌ. દિવ્ય ભાસ્કર**

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં. : ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,